# શ્રીકૃષ્ણ ક્રિડામૃત



ડો. જતીન સોની

કુલપતિ, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી



## શ્રીકૃષ્ણ ક્રિડામૃત

પ્રસ્તાવના :

સેંકડો વર્ષો પૂર્વે ભગવાન નારાયણે પોતે અર્જૂનને ઉપદેશેલી, પ્રાચીન મહામુનિ શ્રી વેદવ્યાસજીએ મહાભારત મધ્યે ગૂંથેલી અદ્વૈત જ્ઞાનામૃતને વર્ષાવનારી ભગવતી ભગવદ્ ગીતામાં મર્મોને વ્યાયામ અને રમતગમતના પરિપેક્ષ્યમાં સમજતા મને ૩૦ વર્ષ લાગ્યા. પહેલીવાર ગીતાનું વાંચન કર્યું ત્યારે વાર્તા સ્વરૂપે કર્યું. જેટલી વાર વાંચી, અધુરી વાંચી એમ લાગ્યું. જેટલીવાર નજર પડી અનોખો ભાવ ઉત્પન્ન થયો. કૃષ્ણના જીવન પરથી અને જ્ઞાનામૃત પરથી થોડીઘણી શીખ મળી તે અંગેના મારા વિચારો રજૂ કરવાનો તુચ્છ પ્રયત્ન કરૂ છું. એક રમતવીર રમત સંસ્કૃતિ જાળવવા શું કરી શકે તેની શીખ ગીતાના જ્ઞાનથી મળી છે, તે વંચાણે પ્રસ્તુત કરવાનો નાનકડો પ્રયત્ન કરવાનું મન થાય છે.



ગીતાનો ઉપદેશ રમતગમત ક્ષેત્રે ખેલાડીના લાભ માટે તથા તેઓના મનોવૈજ્ઞાનિક વિકાસ માટે કેવી રીતે સમજી શકાય તેના પ્રયત્ન કરવાનું મન થયું. નીચે જણાવેલા શ્લોક અને તેનો મર્મ અનેક અર્થોમાં સમજી શકાય તેવો છે. મારા અબુધ મને સમજવાનો નાનકડો પ્રયાસ કર્યા અને શ્રીકૃષ્ણના જીવન-કવન અને ગીતાસારથી અનેક બાબતો સામે આવી, જે આજની સાંપ્રત પરિસ્થિતિમાં અનુસરવા યોગ્ય લાગી. ભારતીય સંસ્કૃતિની વૈદિક ધરોહર પર ચોકકસપણે ચિંતન અને મનન થવું જોઇએ, સંશોધનો થવા જોઇએ તેમ લાગ્યું. શ્રીકૃષ્ણ એક શ્રેષ્ઠ રમતવીર તરીકે મારી દૃષ્ટિએ ઉભરી આવ્યા. બાલ્યકાળમાં રમતોનું તેમના જીવનમાં અનેક ઘણું સ્થાન હતું. પોતાના સાથી મિત્રો, સખાઓ અને ગૌધન સાથે અનેક ક્રિડાઓ કરતા જોવા મળ્યા. તેમની બાળપણની ક્રિડાઓમાં માખણચોરી માટે સખાઓના ખભા પર ચડી પિરામીડ બનાવવા આંબલી-પીપળીની રમતો, ગેડીદડાની રમતો, તરણના કૌશલ્યો તથા નાગદમન, રાક્ષસ સંહાર વગેરે પ્રસંગો શ્રીકૃષ્ણની મનો શારીરિક ક્ષમતાઓ અને દિવ્ય શક્તિઓનો અહેસાસ કરાવે છે. શ્રીકૃષ્ણ વજ્ર મુષ્ટી (બોકસીંગ) અને મલ્લયુદ્ધની કળાઓમાં પણ પ્રવિણ જોવા મળ્યા છે. પ્રજા રક્ષણ માટે તથા ન્યાય માટે સતત ચાતુર્યપૂર્ણ નિર્ણયો લઇ સમાન તક આપ્યા બાદ નિર્ણય લેતા જોવા મળ્યા. ઘણી વાર એક શ્રેષ્ઠ રાહબર તરીકે પણ અર્જુન સાથે સંવાદો કરતા જોવા મળ્યા છે.



ઓમ્ પાર્થાય પ્રતિબોધિતાં ભગવતા નારાયણેન સ્વયં
વ્યાસેન ગ્રથિતાં પુરાણમુનિના મધ્યે મહાભારતમ્ ।
અદ્વૈતામૃત વર્ષિણીં ભગવતીમષ્ટાદશાધ્યાયિનીમમ્બ
ત્વામનુસંદધામિ ભગવદ્ ગીતે ભવદ્વેષિણીમ્ ॥ ૧ ॥

ભગવાન નારાયણે પોતે અર્જુનને ઉપદેશેલી, પ્રાચીન મહામુનિ શ્રી વેદવ્યાસજીએ મહાભારત મધ્યે ગૂંથેલી અદ્વૈત જ્ઞાનામૃતને વર્ષાવનારી, અઢાર અધ્યાયવાળી અને અસાર સંસાર ઉપરથી મોહ-મમતા ટાળનારી એવી હે ભગવતી ભગવદ્ગીતે ! હે માતા ! હું તમારું ધ્યાન ધરું છું.

**નમોઽસ્તુ તે વ્યાસ વિશાલબુદ્ધે ફુલ્લારવિન્દાયતપત્રનેત્ર ।**
**યેન ત્વયા ભારતતૈલપૂર્ણઃ પ્રજ્વાલિતો જ્ઞાનમયઃ**
**પ્રદીપઃ ॥ ૨ ॥**

હે વિશાળ બુદ્ધિવાળા ! હે ખીલેલાં કમળ જેવાં વિશાળ નેત્રવાળા ભગવાન વ્યાસ ! આપને નમસ્કાર હો, જે આપે મહાભારતરૂપી તેલ પૂરેલો આ ગીતાજ્ઞાનરૂપી દીવો પ્રગટાવ્યો છે.

**પ્રપન્ન પારિજાતાય તોત્રવેત્રૈકપાણયે ।**
**જ્ઞાનમુદ્રાય કૃષ્ણાય ગીતામૃતદુહે નમઃ ॥ ૩ ॥**

શરણ થનાર ભક્તોને કલ્પવૃક્ષ જેવા, એક હાથમાં ચાબુક તથા છડી ધરનાર, જ્ઞાનમુદ્રાયુક્ત ને ગીતારૂપી અમૃતનું દોહન કરનાર શ્રીકૃષ્ણને નમસ્કાર હો.

**શ્રીકૃષ્ણ રાહબર બનીને યુદ્ધ સમયે ઉદ્વીગ્ન યોદ્ધાને ઉદ્દેશીને કરેલા કથનો રમતગમત ક્ષેત્રે પણ એટલા જ અનુકૂળ જણાયા. પોતાના રમતવીરની મનોશારીરિક શ્રેષ્ઠતાને બહાર લાવવા સ્પર્ધા પહેલાં, સ્પર્ધા દરમિયાન અને સ્પર્ધા બાદ ઘણી બધી મનોવૈજ્ઞાનિક તૈયારીઓ થતી હોય છે, જે પ્રમાણે યુદ્ધ સમયે પોતાની જાતને કમજોર બનાવવાની વૃત્તિ, રણક્ષેત્ર છોડી દેવાની વૃત્તિ ધરાવનાર અર્જુનને ઉપદેશ આપવામાં આવ્યો તેવો ઉપદેશ જો રાહબર તરફથી રમતવીરને મળે તો રમતવીર ધન્ય થાય છે તેવું સ્પષ્ટ માનવું છે.**

**સર્વોપનિષદો ગાવો દોગ્ધા ગોપાલનન્દનઃ ।**
**પાર્થોવત્સઃ સુધીર્ભોક્તા દુગ્ધં ગીતામૃતં મહત્ ॥ ૪ ॥**

સર્વ ઉપનિષદોરૂપી ગાયો છે, તેના દોહનાર ગોપાલનંદન શ્રીકૃષ્ણ છે, અર્જુનરૂપી વાછડો છે, ગીતામૃતરૂપી મહાન દૂધ છે અને બુદ્ધિશાળી મનુષ્ય તેનો ભોક્તા (પીનારો) છે.

**ગીતામૃતરૂપી મહાન ગ્રંથમાંથી રાહબર અને રમતવીર થોડુંક પણ ગ્રહણ કરે તો રમતગમત ક્ષેત્રે પણ શ્રેષ્ઠતાને પામે છે. રમતગમત ક્ષેત્રે હાલ અનેક દૂષણો ઘર કરી ગયા છે અને આ અંગે સમાજ હાલ ચિંતિત છે. ચારે તરફ લાલચ, લાલસા, ધૃણા, તિરસ્કાર, ક્રોધ, ભય, લોભ, મોહ અને ભ્રષ્ટાચાર અને વ્યભિચારનું વાતાવરણ જોવા મળે છે તેમાંથી પણ મુક્તિનો માર્ગ મળે તેમ જણાય છે.**

**વસુદેવસુતં દેવં કંસચાણૂર મર્દનમ્ ।**
**દેવકીપરમાનન્દ કૃષ્ણં વન્દે જગદ્ગુરૂમ્ ॥ ૫ ॥**

શ્રીવસુદેવના પુત્ર, દિવ્ય ક્રીડાવાળા કંસ અને ચાણૂર દૈત્યોનો નાશ કરનારા ને દેવકીના પરમ આનંદસ્વરૂપ જગદગુરૂ શ્રીકૃષ્ણને હું વંદન કરું છું.

**મનના વિકારો દૂર કરવા આ પ્રકારના ગ્રંથને રમતવીરના જીવન વ્યવહારમાં ઉતારવાનો નાનકડો પ્રયાસ પણ કરવામાં આવે અને તેમાં સફળતા મળે તો રમતના માધ્યમથી મહામાનવના ઘડતરની કલ્પના પણ સાકાર કરી શકાય. આવા અર્જુનના રાહબરને વંદન કરી પ્રબુદ્ધજનો વચ્ચે વાત મૂકવાનો સૌએ પ્રયત્ન કરવો જોઇએ.**

ભીષ્મદ્રોણતટા જયદ્રથજલા ગાંધારનીલોપલા
શલ્યગ્રાહવતી કૃપેણ વહની કર્ણેન વેલાકુલા ।
અશ્વત્થામવિકર્ણઘોરમકરા દુર્યોધનાવર્તિની
સોત્તીર્ણા ખલુ પાણ્ડવૈ રણનદી કૈવર્તકઃ કેશવઃ ॥ ૬ ॥

ભીષ્મ ને દ્રોણરૂપી કિનારાઓવાળી, જયદ્રથરૂપી જળવાળી, શકુનિરૂપી કાળા પથ્થરવાળી, શલ્યરૂપી ઝૂંડવાળી, કૃપાચાર્યરૂપી પ્રવાહવાળી, કર્ણરૂપી મોજાંવાળી, અશ્વત્થામા અને વિકર્ણરૂપી ભયાનક મગરમચ્છવાળી અને દુર્યોધનરૂપી ભમરીવાળી તે યુદ્ધરૂપી નદીને પાંડવો તરી ગયા, તેનું કારણ શ્રીકૃષ્ણ સુકાની હતા.

**જેનો સુકાની શ્રેષ્ઠ હોય, રાહબર નિતિવાન હોય, મૂલ્યોનું શિક્ષણ રમતગમતની તાલીમ દરમિયાન આપે તેવો રાહબર હોય તો રમતવીર શ્રેષ્ઠતા તરફ ચોક્કસપણે પ્રયાણ કરે છે.**

પારાશર્યવચ: સરોજમમલં ગીતાર્થગંધોત્કટં
નાનાખ્યાનકકેસરં હરિકથાસંબોધનાબોધિતમ્ ।
લોકે સજ્જનષટ્પદૈરહરહ: પેપીયમાનં મુદા
ભૂયાદ્ ભારતપંકજં કલિમલપ્રધ્વંસિ ન: શ્રેયસે ॥ ૭ ॥

ગીતાના અર્થરૂપ ઉત્કટ સુગંધવાળું, અનેક આખ્યાનોરૂપી કેસરવાળું, હરિકથાના ઉપદેશક વડે પ્રફુલ્લ થયેલું, લોકમાં સજ્જનરૂપી ભમરાઓ વડે નિરંતર આનંદથી પિવાતું, કળિકાળનાં પાપનો નાશ કરનારૂં અને પરાશરના પુત્ર શ્રીવ્યાસ મુનિના વચનરૂપી વિશાળ સરોવરમાં ઉગેલું મહાભારતરૂપી નિર્મળ કમળ અમારા કલ્યાણ માટે થાઓ.

**રમતગમત ક્ષેત્રના કલ્યાણ માટે, શ્રેષ્ઠ રમત સંસ્કૃતિ વિશ્વને પ્રદાન કરી શકાય. વસુધૈવ કુટુંબકમ્ ની ભાવના સાથે સમગ્ર વિશ્વ પોતાની માનવ સંપદાનું સુદૃઢ નિયમન કરે તો સમગ્ર વિશ્વ એકરૂપ થઇ જીવન વ્યવહાર કરે તેવી દુર્લભ ઘટનાની કલ્પના કરી શકાય છે.**

મૂકં કરોતિ વાચાલં પઙ્ગું લઙ્ઘયતે ગિરિમ્
યત્કૃપા તમહં વન્દે પરમાનન્દમાધવમ્ ॥ ૮ ॥

જેમની કૃપા મૂંગાને વાચાળ કરે છે ને પાંગળાને પર્વત ઓળંગાવે છે, તે પરમાનંદસ્વરૂપ માધવને હું વંદન કરૂ છું.

**એક રાહબર પાસે રમતવીરમાં પ્રાણ ફૂંકી, તેની અંદરની શક્તિઓને બહાર લાવી, તેને વિકસાવી, શ્રેષ્ઠ માનવ બનાવવાની ક્ષમતા છે. ગીતાજ્ઞાન પરથી એમ ચોક્કસ કહી શકાય કે રાહબર કૃષ્ણ જેવો હોય અને રમતવીર અર્જુન જેવો હોય તો અશક્યને પણ શક્ય બનાવી શકાય છે.**

યં બ્રહ્મા વરૂણેન્દ્રમરૂત: સ્તુન્વન્તિ દિવ્યૈ: સ્તવૈર્વેદૈ:
સાંગપદક્રમોપનિષદૈર્ગાયન્તિ યં સામગા: ।
ધ્યાનાવસ્થિતતદ્ગતેન મનસા પશ્યન્તિ યં યોગિનો
યસ્યાન્તં ન વિદુ:સુરાસુરગણા દેવાય તસ્મૈ નમ: ॥ ૯ ॥



બ્રહ્મા, વરુણ, ઇન્દ્ર, રુદ્ર ને વાયુ વગેરે દેવો દિવ્ય સ્તોત્રો વડે જેમની સ્તુતિ કરે છે, સામવેદનું ગાન કરનારા મુનિઓ અંગ, પદ, ક્રમ અને ઉપનિષદ સહિત વેદો વડે જેમને ગાય છે, ધ્યાન વડે સ્થિર થઇ તેમનામાં પરોવાયેલા ચિત્ત વડે યોગીઓ જેમનાં દર્શન કરે છે અને દેવો તથા અસુરોના ગણો જેમના પારને જાણતા નથી, એવા શ્રી પરમાત્મદેવને નમસ્કાર હો.




ઉપરોક્ત બાબતોની ચર્ચા કરતાં કરતાં અંતે પ્રતિત થાય છે કે શ્રીકૃષ્ણની બાળલીલાથી લઇ મહાભારતના યુદ્ધ સુધીના જીવનકવન તથા ગીતાવચનોને વારંવાર વાગોળવાનું મન થાય છે.

બાલ્યકાળમાં ભગવાન શ્રીકૃષ્ણની જીવનલીલા વાંચતા પ્રતિત થાય છે કે તેઓ કુશળ તરવૈયા હતા, ગેડીદડો તેમની પ્રિય રમતોમાંથી એક હતી. સાત્વિક આહાર લઇને રોજબરોજ મલ્લયુદ્ધ, તિરંદાજી, ભાલાયુદ્ધ, ભાલાફેંક, મુક્કાબાજી પોતાના બાળપણના મિત્રો સાથે વિવિધ રમતો રમતા અને તેના માધ્યમથી બળવાન બની ચાતુર્યપૂર્વક પોતાનાથી અનેક ઘણા બલિષ્ટ અસુરોનો વિનાશ કરતા હતા. ચપળતા, બુદ્ધિચાતુર્ય, કૂદ અને ફેંકની પ્રવૃત્તિઓની કુશળતા, એકાગ્રચિતથી તાલીમ લઇ પોતાના ગુરૂઓને ગર્વ અપાવતા, અનિષ્ઠોને માત આપી સર્વશ્રેષ્ઠને સ્થાપવા યુક્તિ-પ્રયુક્તિઓનો ઉપયોગ કરતા અને પોતાના પ્રભાવથી અન્યોને સરળતાથી વશ કરી લેતા હતા.



પોતાની ક્ષમતાઓનો દુર ઉપયોગ ન કરવો તેવું તેમના આચરણથી બાલ્યકાળથી જ જોવા મળ્યું, જેને રમતચિંતનના વિષયની પરિભાષામાં કહીએ તો તેમણે રમત સંસ્કારને પોતાના દૈનિક વ્યવહારમાં ઉતાર્યા હતા. નિર્બળ કે બળવાન બંનેને સ્વની શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા શિખામણ આપતા જોવા મળ્યા. એક શ્રેષ્ઠ રમતવીરના ગુણોની પ્રસ્તુતિમાં એકદમ ખરા ઉતરેલા જોવા મળ્યા. એક ખેલાડી કેવો હોય તેની જો ચર્ચા કરવી હોય તો શ્રીકૃષ્ણએ ગીતા ઉપદેશમાં ઉપદેશેલી વાતોને વાગોળવી પડે. સુસંસ્કૃત સમાજને આજે ઉત્કૃષ્ટ કોટિનો ખેલાડી આપવો હોય તો નીચે જણાવેલ ગુણોની ગીતાના ઉપદેશ અનુસાર ખીલવણી કરવી પડે. ગીતાસાર મુજબ ખેલાડી/રમતવીર કેવો હોવો જોઇએ તે સમજવા પ્રયત્ન કરીએ.



- ખેલાડી સહિષ્ણુ હોવો જોઇએ.
- ખેલાડી ખેલદીલ અને શૌર્યવાન હોવો જોઇએ.
- ખેલાડીમાં સહનશીલતાનો વિશેષ ગુણ હોવો અતિ આવશ્યક છે.
- રમતવીરે પોતાના સાથી ખેલાડીઓ સાથે સાહજીક સંવાદિતા કેળવવી જોઇએ તથા સામાજિકતાના તમામ ગુણો કેળવી જીવન વ્યવહારમાં ઉતારવા જોઇએ.
- દરેક રમતવીરમાં મનોશારીરિક સામર્થ્યની સાથે આત્યાત્મિકતાનો ગુણ આવશ્યક છે.
- દરેક રમતવીર પોતાના પ્રતિસ્પર્ધી અને સાથી ખેલાડી માટે સંવેદનશીલ હોવો જોઇએ. સમભાવ અને સમાનતા તેના વ્યવહારમાં સાહજીક રીતે આવે તે પ્રકારે તેના રમતજીવનની કેળવણી કરવી જોઇએ.



- દરેક રમતવીરે યુદ્ધ હોય કે સ્પર્ધા હોય બંનેમાં ધર્મ/ નિયમનું ચુસ્તપણે પાલન કરવું જોઇએ. અધર્મ કે નિયમનો ભંગ કદાપી

યોગ્ય ઠેરવી ન શકાય, આ અંગેની ઉચિત દંડની જોગવાઇનું પણ એક રાહબર તરીકે ઉપદેશમાં જણાવાયું છે.

- દરેક રમતવીરે હાર-જીત બંને સંજોગોમાં પ્રતિસ્પર્ધા કે પ્રતિદ્વન્દી માટે સન્માનની લાગણી રાખવી જોઇએ અને જીતના ઉન્માદમાં ન રાચવાનો પણ તેમાં ઉપદેશ આપ્યો છે. એટલે કે ખેલદિલીની ભાવના સદૈવ પોતાના વ્યવહારમાં પ્રત્યેક રમતવીર કે યોદ્ધાએ રાખવી જોઇએ. વ્યુહાત્મક રચનાઓ અને યુક્તિ-પ્રયુક્તિઓના પણ નિયમો છે. અન્યને હાની પહોંચાડ્યા વગર સ્પર્ધા કરવી અને પોતાના ધ્યેયની પ્રસસ્તીનો ઉપદેશ પણ ગીતાસારમાંથી મળે છે.
- કર્મના સિદ્ધાંતને વાગોળીએ તો સ્પષ્ટ થાય છે કે કર્મ મનુષ્યના હાથમાં છે, ફળ નહીં. મનના ઉદ્વેગોને શાંત કરવા માનવી/ખેલાડી વાંછિત ફળની અપેક્ષા રાખ્યા વગર પોતાનું શ્રેષ્ઠ કર્મ કરે. ફળ મળે કે ન મળે પણ શ્રેષ્ઠ કર્મનો ત્યાગ ન કરે. શ્રેષ્ઠ ખેલાડીની પ્રાપ્તિ અર્થે સમાજે આ ગીતા ઉપદેશને રમત ક્ષેત્રે સ્વીકારવો રહ્યો.
- બળની ઉપાસના કરવાનો વધુ આગ્રહ શ્રીકૃષ્ણના સમગ્રજીવન કવન અને કથનમાંથી જોવા મળે છે. શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવી હોય તો સામર્થ્ય વિકસાવવું પડે. સિદ્ધિઓ સામર્થ્યવાનને જ વરે છે. નિર્બળતા હંમેશાં હાર તરફ લઇ જાય છે. ખેલાડી/માનવીના સામર્થ્ય વિકાસના વિવિધ ક્ષેત્રોના તમામ પાસાંઓ જેવા કે માનસિક સામર્થ્ય, શારીરિક સામર્થ્ય, વૈચારિક સામર્થ્ય તથા બૌદ્ધિક સામર્થ્ય રમતગમતની શ્રેષ્ઠતાના વિકાસ તરફ લઇ જાય છે. આ સાથે આધ્યાત્મિકતા અને મૂલ્યોના જતન સાથે સામાજિકતાના શ્રેષ્ઠતમ ગુણોના વિકાસનો આગ્રહ એક શ્રેષ્ઠ યોદ્ધા કે રમતવીર પાસે રાખવો જોઇએ. અસહિષ્ણુતા એ નિર્બળતાની નિશાની છે અને 'ક્ષમા: વિરસ્ય ભૂષણમ્' નો ઉપદેશ પણ ગીતામાંથી મળે છે.
- મનુષ્ય ગૌરવ પ્રાપ્ત કરવા રમતમાં શુદ્ધતા અતિ આવશ્યક છે. સ્વાર્થ, લાલચ અને લાલસાથી પર થાય તો રમતવીર મનુષ્ય ગૌરવ પ્રાપ્ત કરી શકે છે.
- જે રમતવીર પોતાની તાલીમ સંપૂર્ણ નિષ્ઠાથી ભક્તિ સ્વરૂપે પ્રાપ્ત કરે, રમતની પવિત્રતા જાળવવા શાંત ચિત્તે ધૈર્યપૂર્વક પોતાની શક્તિ અર્જિત કરે. સમૃદ્ધ મન અને સ્થિર ચિત્તથી પોતાની અનુક્રિયા (પરફોમન્સ) કરે તો શ્રેષ્ઠતા પ્રાપ્તિમાં વધુ સમય લાગતો નથી. હારજીત તો રમતનું અભિન્ન અંગ છે. એક હારે તો એક જીતે છે. જે જીતે છે તે પણ કયારેક તો હારીને જ જીતેલો હોય છે. જે જીત પ્રાપ્ત થઇ છે તે પણ ક્ષણિક છે. તે હંમેશપણે વિજેતા રહેતો નથી. તેની ઉપર અન્ય શ્રેષ્ઠ રમતવીર આવી જાય છે અને તેને પોતાનું વિજેતાપદ પણ ગુમાવવું પડે છે. તેને સ્થાપિત કરેલા શ્રેષ્ઠાંકો પણ છાશવારે બદલાયા કરે છે પરંતુ ખેલાડીની શ્રેષ્ઠતા તેના વ્યવહારમાં દેખાય અને "ચેમ્પીયન એટીટ્યુડ" વિકસાવી જીવનભર સત્યને જાણી વધુ નમ્ર બને, સહિષ્ણુ બને તે આવશ્યક છે. રમતવીર વિજેતાપદની ગરિમા જાળવતું વર્તન કરે અને રમતની ગરિમાની ઉપરાંત અન્ય રમતવીરોની પણ ગરિમા જાળવે તેજ

ગીતાસારની દ્રષ્ટિએ શ્રેષ્ઠ રમતવીરની હરોળમાં આવી શકે.

સુખેદુ:ખે સમે કૃત્વા લાભાલાભૌ જયાજયૌ ।
તતો યુદ્ધાય યુજયસ્વ નૈવં પાપમવાપ્સ્યસિ ॥

અર્જુન, સ્વજનોનાં મરણ ભયથી તને શોક થાય છે તે શોક દૂર કરવા માટે શરીર એ શું છે, એની સમજણ તને આપવામાં આવી. હવે વર્ણાશ્રમના તારા ક્ષત્રિયધર્મ મુજબ તારે લડાઇ તો કરવી જ જોઇએ, પણ લડાઇમાં અહિંસા નથી, હિંસા છે, હત્યા છે, એમ સમજીને હિંસાના ભયથી તને જે પાપ થતું જણાય છે, તે પણ તારું અજ્ઞાન છે, માટે હવે પાપ-પુણ્ય કે હિંસા-અહિંસાની બાબતમાં તને તત્વજ્ઞાનની દૃષ્ટિએ કહું છું તે સાંભળ. જો તારા કહેવા પ્રમાણે તને સુખની કે રાજયલોભની કે વિજયની ઇચ્છા નથી, તો તું આ યુદ્ધથી સુખ ઉપજે કે દુ:ખ ઉપજે, લાભ થાય કે હાનિ થાય, જય થાય કે પરાજય થાય, ગમે તે થાય તેને સમાન સમજીને યુદ્ધ કર. ક્રિયાનું પરિણામ સારું આવે કે ખરાબ, ગમે તે આવે પણ, તેનો હર્ષ કે શોક થાય નહિ, બસ આવી સમજણથી કરેલા યુદ્ધમાં થતી હિંસાનું પાપ તને લાગશે નહીં.

**આ વાત બરાબર ધ્યાનમાં રાખશે કે, જે ક્રિયામાં સ્વાર્થ હોય છે તે ક્રિયાનું પરિણામ પાપ-પુણ્યવાળું બને છે. પણ જે ક્રિયામાં સ્વાર્થ નથી, જે ક્રિયામાં બદલાની આશા નથી, જે ક્રિયામાં ફળની ઇચ્છા નથી, જે ક્રિયામાં રાગ કે દ્વેશ નથી, એવી ક્રિયાથી પાપ કે પુણ્ય કાંઇ ઉત્પન્ન થતાં નથી તેથી એવી ક્રિયા બંધનકારક બનતી નથી. મનુષ્ય જીવનમાં સત્યના પંથે જીવવાનો આ રાજમાર્ગ છે. આ આત્મજ્ઞાનનો મોંઘેરો મંત્ર છે, માટે સુખ-દુઃખ, લાભ-હાનિ અને જય-પરાજય આ બધાંને સરખાં માનીને એટલે હર્ષ કે શોકના પ્રસંગોમાં સરખો રહીને તું યુદ્ધ કરીશ તો તને પાપ લાગશે નહી અને યુદ્ધ એ તો ક્ષત્રિયોનો ધર્મ છે, તેમાં હિંસા નથી પણ કર્તવ્ય કર્મ છે એમ સમજીને તું લડવાને માટે તૈયાર થા.**

**સ્પર્ધામાં ભાગ લેતી વખતે ખેલાડી કોઇપણ જાતનો માનસિક ઉદ્વેગ રાખ્યા વગર જો ભાગ લે તો શ્રેષ્ઠતાને પ્રાપ્ત કરે છે. નિયમોની મર્યાદામાં રહીને રમતમાં ભાગ લેવો એ શ્રેષ્ઠ રમતવીરના લક્ષણો છે. અનિતિ અને અકુદરતી બાબતોને દૂર રાખી સાસ્વત અને નૈસર્ગિક શક્તિનો ઉપયોગ કરી સ્પર્ધામાં ભાગ લેવો જોઇએ. જીત, અનૈતિક લાભ કે લાલચ રાખ્યા વગર ફકત સ્પર્ધામાં ભાગ લેવો જોઇએ. રમત, જીવનનું અનિવાર્ય અંગ બને તે જોવું આવશ્યક છે. રમત ક્ષેત્રે નિષ્કામ ભાગ લેવો મનની ઉદ્વિગ્નતાથી દૂર રાખે છે. અહમ્ અને અભિમાનપણાથી દૂર રાખે છે. નિષ્કામ કર્મ રમતમાં તાલીમ અને સ્પર્ધા દરમિયાન થાય તો રમતવીર મહાન બને છે. રમતમાં હારજીત મહત્વની હોતી નથી. મહત્વનું હોય છે રમત દરમિયાન રમત વિશે કેટલું શ્રેષ્ઠ પ્રદાન કર્યું છે. સ્વ સાથે સ્પર્ધા કરવી વધુ આવશ્યક છે, તો જ વ્યક્તિ પૂર્ણતાને પ્રાપ્ત કરે છે.**

**નેહાભિક્રમનાશોડસ્તિ પ્રત્યવાયો ન વિદ્યતે ।
સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્ ॥**

આવાં નિષ્કામરૂપ ધર્મનું થોડા પ્રમાણથી પણ આચરણ શરૂ કરવામાં આવે તો તેનું હૃદય નિર્મળ બને છે. હૃદય નિર્મળ બનવાથી તે નિષ્કામ કર્મ કરતો જ રહે છે, તેથી તે ક્રમે ક્રમે, ધીમે ધીમે, જન્મે જન્મે શુદ્ધ પવિત્ર બનતો જાય છે. પછી તેને કર્મોમાં કોઇપણ જાતનો ભાવ રહેતો નથી તેથી તે પૂર્ણ નિષ્કામ બને છે અને તેનાથી થઇ રહેલાં કર્મોમાં હુંપણાનું-કર્તાપણાનું અભિમાન નાશ પામે છે, ત્યારે

કર્મોનાં બંધનો બંધ થાય છે અને છેવટે જન્મમરણરૂપ મહાન ભયમાંથી છૂટે છે.

ખેલાડી વિજયી બન્યા પછી જો અહંકાર કરે તો કૃષ્ણએ ગીતામાં કહયું છે, "હું શ્રેષ્ઠ છું, હું સિદ્ધ છું, હું બળવાન છું, હું સુખી છું, હું ધનવાન છું, જગતમાં મારા જેવો કોઇ નથી." આમ, અહંકારીનો અહમ્ દરેક પ્રવૃત્તિઓમાં જોડાયેલો હોય છે. માનવીની પ્રત્યેક પ્રવૃત્તિમાં અહંકાર ભળેલો હોય છે. તેની ચાલમાં, તેની બોલીમાં અહંકાર જ રણક્યા કરે છે. માનવીના જીવનમાં જે કાંઇ પોતાને અને સમાજને નડતરરૂપ સમસ્યા સર્જાય તેનું મુળ કારણ અહમ્ છે, તેથી પ્રત્યેક રમતવીરે અહમનો ત્યાગ કરવો. નિસ્પૃહિતા કેળવવી એ આવશ્યક છે. કારણ કે તમામ અનિષ્ટ તત્વોનું મૂળ અહમ્ છે, તેથી મોહ, રાગ, દ્વેશ છળકપટ, આળસનો ત્યાગ કરવો અનિવાર્ય છે.

વ્યવસાયાત્મિકા બુદ્ધિરેકેહ કુરુનન્દન ।
બહુશાખા હ્યનન્તાશ્ચચ્ય બુદ્યોડવ્યવસાયિનામ્
॥

અર્જુન, આ કર્મયોગમાં નિષ્કામ કર્મ કરનારા મનુષ્યોની 'કર્મ કરવાં એ મારી ફરજ છે' એવી એક જ સ્થિર નિશ્ચયવાળી બુદ્ધિ હોય છે, જયારે સકામી કર્મના ફળની ઇચ્છાવાળા મનુષ્યોની બુદ્ધિ એક નિશ્ચયવાળી હોતી નથી. તેઓની બુદ્ધિઓ-મનની વૃત્તિઓ જુદાં જુદાં સુખ મેળવવાની, જુદી જુદી ઇચ્છાવાળી ઘણા પ્રકારના પાર વિનાની અનેક હોય છે તેથી તેવા મનુષ્યો જુદાં જુદાં સુખની પ્રાપ્તિ માટે જયાં ત્યાં વલખાં મારતા હોય છે. આવી રીતે નિષ્કામ કર્મ કરનારો મનુષ્ય ધીમે ધીમે કર્મોનાં બંધનમાંથી છૂટતો જાય છે, જયારે સકામ કર્મ કરનારો મનુષ્ય કર્મોનાં બંધનોમાં વધારે ને વધારે બંધાતો જાય છે.

ભોગવૃત્તિથી રમતવીર લાલચી બને છે, અનિતિના માર્ગે વળે છે, ભોગવિલાસ તરફ ધકેલાય છે, નાણાં પાછળ પડી નૈતિકતાને નેવે મૂકે છે, પરંતુ નિષ્કામ કર્મવૃત્તિ રાખે તો રમતવીર તમામ પ્રકારના ઉચાટથી દૂર રહે છે. રમતની અને સ્વની શ્રેષ્ઠતાને પામે છે. નિજ સુખ વધુ મહત્વનું છે કારણ કે બાહ્યસુખ ક્ષણિક હોય છે. નિજાનંદમાં જે આનંદ છે તે અન્યત્ર કદી પણ મળતો નથી. રમતવીર પોતાની શ્રેષ્ઠતા સાથે સ્પર્ધા કરે તો ઉત્તમ શિખરો પ્રાપ્ત કરે. અન્ય સાથે સ્પર્ધા કરે તે અન્યને હરાવવા માટે અન્યને સમજાવવાનો પ્રયત્ન કરે કે તેની કમજોરીને શોધી તેની પર પ્રહાર કરે, આખરે તો તે પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવાનો મોકો ગુમાવે. રમતવીર પોતાને જેટલો શ્રેષ્ઠ કરશે તેટલી સ્પર્ધા લગભગ એક તરફી થશે. શ્રેષ્ઠતા તરફના પ્રયાણમાં સ્વસ્વીકૃતિ વધુ આવશ્યક છે. પર સ્વીકૃતિ કરતાં અન્ય તમને મહાત કરે તો તેમાંથી પણ કાંઇક શીખવાનું મળ્યું અને અન્યને મહાત કરીએ તો પણ સ્વની ક્ષમતાઓનું પૃથ્થકરણ કરી નવું શિક્ષણ પ્રાપ્ત થાય. જેમ કે કઇ બાબતો પોતાની તૈયારી માટે યોગ્ય હતી અને કઇ બાબતોમાં કચાશ રહી જવા પામી, આનાથી પણ વધુ શક્તિશાળી પ્રતિસ્પર્ધી ભવિષ્યમાં મળે તો કઇ બાબતોમાં વધુ તૈયારીઓની જરૂર પડશે તે અંગેનું મૂલ્યાંકન કરી શકતો રમતવીર હાર-જીતને તબક્કો માત્ર ગણી પોતાની ક્ષમતાઓને વિકસાવે તે આવશ્યક છે.

ભોગૈશ્વર્યપ્રસકતાનાં તયાપહ્યતચેતસામ્ ।
વ્યવસાયાત્મિક બુદ્ધિઃ સમાધૌ ન વિધીયતે ॥

જેથી એવી આકર્ષક મીઠી વાણીથી જેનું મન ભોગ અને ભોગનાં સાધનો તરફ સુખની લાલસાથી ખેંચાઇને આસક્ત થાય છે અને રાતદિવસ સંસારના જુદા જુદા સુખો મેળવવાની ઝંખના ઝંખતો હોય છે, તેવા સકામી મનુષ્યોના અંતઃકરણમાં એક નિશ્ચયાત્મક બુદ્ધિ ન હોવાથી તેઓનું મન આત્મસ્વરૂપમાં એકાગ્ર-સ્થિર રહેતું નથી.

**આસક્તિ રમતવીરને નિર્બળતા તરફ લઇ જવા પ્રયત્ન કરે છે. નિર્બળ રમતવીર કદી સ્પર્ધા કરવાને સક્ષમ હોતો નથી. તેનું ચિત્ત તાલીમ અને સ્પર્ધામાં સતત ભટકતું રહે છે. એકચિત ન થવાથી રમતની અને સ્વની શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી શકતો નથી.**

**ત્રૈગુણ્યવિષયા વેદા નિસ્ત્રૈગુણ્યો ભવાર્જુન ।**
**નિર્દ્વન્દ્વો નિત્યસત્વસ્થો નિર્યોગક્ષેમ આત્મવાન્ ॥**

અર્જુન, વેદોમાં જ્ઞાન, કર્મ, ભક્તિ વગેરે સાધનો બતાવવામાં આવ્યાં છે. તેમાં કર્મનાં ફળ આપનારા કર્મકાંડ વિભાગમાં પ્રકૃતિના ત્રણ ગુણવાળા કાર્યરૂપ સંસારનાં સુખોની લાલસા વધારનારી ક્રિયાઓ બતાવવામાં આવી છે પણ એ તો સકામી મનુષ્યો માટે છે પણ તું તો લોક કે પરલોકના કોઇપણ સુખની ઇચ્છા વિનાનો, ત્રણ ગુણ રહિત થઇને યોગક્ષેમની એટલે મેળવવાની અને સાચવવાની ચિંતા છોડીને પ્રભુ પરાયણ થવા માટે નિષ્કામ કર્મવાળો થા.

**ખેલાડીને રમત બાદ શું મળશે ? એની કલ્પનામાં રાચે તો તે વધુ ઉદ્વિગ્ન રહે છે અને જીત મળ્યા પછી પણ જીતનો સાચો આનંદ પ્રાપ્ત કરી શકતો નથી. સ્વની શ્રેષ્ઠતાની હોડમાંથી બહાર નીકળી જાય છે અને તેને પૂર્ણતા પ્રાપ્ત થતી નથી. બચાવ પ્રયુક્તિઓનો પ્રયોગ કરી પોતાની ખામીઓને અને પોતાના ભાવિ આયોજનોને યોગ્ય રીતે નિયંત્રિત કરી શકતો નથી. રમતવીરે યોગક્ષેમ બની પોતાની રમતમાં ધ્યાન આપી સ્વની શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવી જોઇએ.**

યાવાનર્થ ઉદપાને સર્વતઃ સંપ્લુતોદકે ।
તાવાન્સર્વેષુ વેદેષુ બ્રાહ્મણસ્ય વિજાનતઃ ॥

અર્જુન, નિષ્કામ કર્મવાળા જ્ઞાનીઓને વેદોના કર્મકાંડનું પ્રયોજન હોતું નથી. જેમ કે જ્યાં ચારે બાજુથી મોટું જળાશય ભરેલું હોય છે ત્યાં નાના કૂવા જેવા જળાશયની જરૂર જણાતી નથી તેવી રીતે વેદોના જ્ઞાનથી જ્યાં ચારે બાજુએ અખંડ બ્રહ્મતત્વભર્યું છે એમ જાણનાર જ્ઞાની મનુષ્યોને સકામ કર્મો કરવાની વૃત્તિ નહીં હોવાથી વેદોના કર્મકાંડની જરૂર રહેતી નથી.

**રમતવીર નિષ્કામ હોય તો સીલેકશનથી લઇને સ્પર્ધામાં વિજેતા બનવામાં તથા વિજેતા બન્યા પછી વિજેતાના ફળ ચાખવા માટે કોઇપણ જાતના પ્રયત્ન કરતો નથી, તે તો નિસ્પૃહી રહે છે. પોતાનો શ્રેષ્ઠ દેખાવ કરી સંતોષ માણે છે તેને કાંઇ મળે કે ન મળે પરંતુ શ્રેષ્ઠ આપવાની વૃત્તિ છોડતો નથી.**

**કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન ।**
**મા કર્મફલહેતુર્ભૂર્મા તે સગોડસ્ત્વકર્મણિ ॥**

પણ કરવા યોગ્ય કર્મો એટલે કર્તવ્ય કર્મો છોડવાનાં નથી. કર્મ તો કરતાં જ રહેવાનું છે, જેથી કર્મ કરવામાં જ તારો અધિકાર છે, પણ કર્મના ફળનો અધિકારી કદી બનીશ નહીં. એટલે કર્મના ફળની ઇચ્છા પણ કરતો નહી અને કર્મો છોડયાં છૂટતાં નથી, માટે કર્મો કરવાં નહિ એવો આગ્રહ પણ રાખીશ નહીં જેથી ફળની ઇચ્છા રાખ્યા સિવાય યોગ્ય કર્મો હંમેશાં કરતા રહેવાનું છે.

**રમતવીર આ શ્લોક અનુસાર પોતાના રમતજીવને અનુસરે તો તે પોતે પોતાના કર્મ પ્રતિ ધ્યાન આપે છે અને ફળની ઇચ્છા રાખતો નથી. તે પોતે સમજે છે કે તેના અધિકાર ક્ષેત્રમાં કર્મ છે ફળ નહીં. એટલે કે તાલીમમાં ભાગ લેવો અને સ્પર્ધામાં ભાગ લેવો તે તેનું કર્મ છે. વિજેતાપદ મળવું કે ન મળવું એટલે કે ફળ મળવું કે ન મળવું તે તેના અધિકાર ક્ષેત્રમાં નથી. તાલીમ અને સ્પર્ધામાં ભાગ**

લેવો તેના અધિકારક્ષેત્રમાં છે. વિજેતાપદ માટે અનેક પરિબળો હોવાથી તે તેના અધિકાર ક્ષેત્રમાં નથી. જેથી ખેલાડી વાંછિત ફળની અપેક્ષાએ અનૈતિકતા પોતાના વર્તનમાં લાવતો નથી. રમતગમત ક્ષેત્રે થતી હિંસાના કારણોમાં ખેલાડી પોતાની શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવાની જગ્યાએ ફળ પ્રાપ્ત કરવાની હોડમાં લાગે છે. આ તેને અનૈતિક કક્ષા/નિમ્નકક્ષાએ લઇ જાય છે. આજકાલ જોવા મળતા રમતગમત ક્ષેત્રે અનૈતિક કક્ષા જે ખેલાડી તથા તેમના રાહબાર દ્વારા જાણે-અજાણે માન્યતા અપાઇ છે તે અતિ ગંભીર બાબત છે. મેચફીક્સીંગ, બેટીંગ, ડ્રગ્ઝ, હિંસા, ભ્રષ્ટાચાર, મેળાપીપણું સ્પર્ધામાં અનૈતિક રીતે ભાગ લેવો, અયોગ્યતાને યોગ્યતા સાબિત કરવા પ્રયત્ન કરવો, નિર્ણાયકોના નિર્ણયની અવહેલના કરવી વગેરે દુષણો પ્રચલિત છે. નિર્ણાયકોના નિર્ણયને માન્ય ના રાખી નિર્ણાયકો પર હુમલો કરવાની ઘટના પણ સૌ સમક્ષ પ્રસ્તૃત છે. વાંછિત ફળની પ્રાપ્તિ માટે અનેક હથકડાં અપનાવવા રમતવીર તથા તેમના રાહબરો પણ જોવા મળે છે, પરંતુ જો ખેલાડી શ્રેષ્ઠ કર્મ થકી ફળની ઇચ્છા રાખ્યા વિના નિષ્કામ અને નિઃસ્પૃહી થઇને તાલીમ અને સ્પર્ધામાં ભાગ લે તો નિર્ણાયકો પણ અયોગ્ય કે અનૈતિક નિર્ણય લેતાં ડરે છે તથા સમાજ પણ આખરે રમતના માધ્યમથી શ્રેષ્ઠ નાગરિક અને મહામાનવ મેળવવાનો સ્તુત્ય પ્રયાસ કરે છે. આ શ્લોકમાં જણાવ્યા પ્રમાણે રમતવીર પોતાની શ્રેષ્ઠતા પર વધુ ધ્યાન આપે તે પણ વાંછિત ફળની અપેક્ષા રાખ્યા વગર પોતાનું મનોશારીરિક અને આધ્યાત્મિક સમતુલન જાળવી શ કશે સાથે સાથે રમતની ગરીમા પણ જળવાઇ રહેશે અને સમાજને શ્રેષ્ઠ મહામાનવ પ્રાપ્ત થશે. સૌથી મોટો ફાયદો એ છે કે રમતક્ષેત્રે હાલ દેખાતા દુષણોને નિયંત્રિત કરવામાં શ્રીકૃષ્ણે ગીતાસારમાં ઉપદેશી વાણી ફળદાયી બને છે.

યોગસ્થઃ કુરૂ કર્માણિ સંગં ત્યકત્વા ધનંજય ।
બુદ્ધૌ શરણમન્વિચ્છ કૃપણાઃ ફલહેતવઃ ॥

વળી સુખદુઃખમાં હર્ષશોક વિનાના અને મારાપણાની મમતા રહિત સમાન બુદ્ધિવાળાં કર્મો કલ્યાણને કરનારાં છે, પ્રભુપદે પહોંચાડનારાં છે જયારે સ્વાર્થ ભરેલાં સકામકર્મો ઘણાં જ હલકાં છે. વળી જયાં સ્વાર્થ છે, ત્યાં દીનતા છે, કંગાલપણું છે તેથી કર્મના ફળની ઇચ્છાવાળા બહુ જ લોભી અને પામર હોય છે માટે તું રજોગુણ ભરેલાં સકામ કર્મ છોડીને સમભાવ બુદ્ધિવાળાં નિષ્કામ કર્મો કર.

આ શ્લોકમાં શ્રીકૃષ્ણે ગીતાસારમાં ઉપદેશેલી વાણી પ્રમાણે રમતવીરે શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવી હોય તો સ્વાર્થ વગર, સુખદુઃખ કે હર્ષ-શોક વગર મારાપણાની મમતા રહિત નિષ્કામ કર્મ સ્વશ્રેષ્ઠતા સુધી પહોંચાડવામાં મદદરૂપ થશે તેથી રમતવીરે લોભી અને પામર ન બનવું જોઇએ કારણ કે લોભ પોતાની શ્રેષ્ઠતા તરફ ધ્યાન ન આપતાં અનૈતિક રીતે અસહિષ્ણુ બની અન્યની ઉપેક્ષા કરી લાભ પ્રાપ્ત કરવા અનૈતિક કર્મ કરવા પ્રેરાય છે, જે સમાજ અને રમત માટે ખતરનાક સાબિત થાય છે, તેથી રમતવીરે સકામ કર્મને છોડીને સમભાવ બુદ્ધિવાળા નિષ્કામ કર્મો કરવા જોઇએ. સ્વની શ્રેષ્ઠતા માટે સ્પર્ધા કરવી જોઇએ. પરદમનવૃત્તિ ત્યજવી જોઇએ.

બુદ્ધિયુક્તો જહાતીહ ઉભે સુકૃતદુષ્કૃતે ।
તસ્માદ્યોગાય યુજયસ્વ યોગઃ કર્મસુ કૌશલમ્ ॥

અર્જુન, સકામ કર્મ એ તો બુદ્ધિ વિનાનું કર્મ છે. કેમ કે ફળની આશાવાળો મનુષ્ય પાપ-પુણ્યના બંધનમાં બંધાયેલો રહે છે. જે કર્મો કરવાથી પાપ-પુણ્યના બંધન બંધાતા જવાય છે તેવાં સકામ કર્મો-સ્વાર્થ ભરેલાં કર્મો કરનારાને બુદ્ધિશાળી કેમ કહી શકાય ? પણ બુદ્ધિનો ઉપયોગ કરનાર બુદ્ધિશાળી મનુષ્ય પોતાનાં નિષ્કામ કર્મથી સારાં અને ખરાબ એવાં પુણ્ય અને પાપ એમ બંને પ્રકારનાં

બંધનોમાંથી મુકત રહે છે. બુદ્ધિવાળો મનુષ્ય સમદૃષ્ટિથી કર્મયોગ કરનારો હોય છે. તેથી જે કર્મો કરવાથી બંધન થાય નહીં તે કર્મોમાં કુશળ ગણાય છે અને બુદ્ધિયુક્ત કર્મયોગથી કર્મો કરતાં હોવા છતાં પાપ-પુણ્યનું કાંઇપણ બંધન થતું નથી.

**શ્રીકૃષ્ણે અર્જુનને આ શ્લોકમાં કહ્યું કે સકામ કર્મ એ તો બુદ્ધિ વિનાનું કર્મ છે. ફળની આશા વિનાનો માણસ પોતાના પાપ અને પુણ્યના બંધનમાં બંધાયેલો રહે છે. તેવી જ રીતે જો રમતવીર સકામ કર્મ વાંછિત ફળની અપેક્ષાએ કર્મ કરે તો પોતાની બૌદ્ધિક સંપદા ગુમાવી અનૈતિકતાના રસ્તે આગળ વધે છે. ફળ પ્રાપ્ત કરવા ટૂંકા રસ્તા શોધવા પ્રયત્ન કરે છે. પોતે જો નિષ્કામ કર્મ કરવા ટેવાય તો રમતવીરના મનમાં વિચાર અને આચાર બંને શ્રેષ્ઠતા તરફ રહે છે. જો સકામ કર્મ કરવા તરફ પ્રેરાય તો વિચાર અને આચાર બંને અધોગતિના માર્ગ આગળ વધે છે. શ્રેષ્ઠ રમતવીરને જો અન્યાય થાય તો સમાજ પણ આ બાબતની (તેની શ્રેષ્ઠતાની) નોંધ લે છે. તેને એટલું જ માન-સન્માન પણ પ્રાપ્ત થાય છે જેની અપેક્ષા રમતવીરને હોતી નથી. અંતે તો રમતવીર પોતાની શ્રેષ્ઠતાને વરે છે.**

**કર્મજં બુદ્ધિયુક્તા હિ ફલં ત્યકત્વા મનીષિણઃ ।**
**જન્મબન્ધવિનિર્મુકતાઃ પદં ગચ્છન્ત્યનામયમ્ ॥**

મનુષ્ય જન્મમાં જેઓ કર્મના ફળભોગની ઇચ્છા રાખતા નથી, તેઓ જ ખરેખરા બુદ્ધિશાળી હોય છે. એવા બુદ્ધિયુક્ત જ્ઞાની મનુષ્યો કર્મનાં ફળની આસક્તિ છોડીને કર્મો કરે છે, તેથી તેઓ જન્મમરણના ભવરોગવાળા બંધનમાંથી મુકત થઇને રાગધ્વેષનો જયાં વિકાર નથી એવા નિર્વિકાર પદને પામે છે.

**રમતવીર નિર્વિકારપદને પામે તે માટે શ્રીકૃષ્ણે આ શ્લોકના માધ્યમથી ઘણી બાબતો આપણી સમક્ષ મૂકી છે. જે રમતવીર કર્મના ફળની ઇચ્છા રાખતો નથી તે સ્વના સાક્ષાત્કાર તરફ ઝડપી પ્રયાસ કરે છે અને તેના વર્તનમાં પણ વિકાર હોતો નથી. રમતવીર જે કંઇ કર્યા કરે તે નિષ્કામ કર્યા કરે તો સમાજની અમિદૃષ્ટિ તેના પર બની રહે છે અને તેને મહામાનવ તરીકે આપમેળે માનવામાં આવે છે. આ માટે રમતવીરે પોતાના તરફથી કોઇ વિશેષ પ્રયત્નો કરવાના રહેતા નથી.**

**યદા તે મોહકલિલં બુદ્ધિર્વ્યતિતરિષ્યતિ ।**
**તદા ગન્તાસિ નિર્વેદં શ્રોતવ્યસ્ય શ્રુતસ્ય ચ ॥**

અર્જુન, જયારે તારી બુદ્ધિ, શરીર અને આત્મા એ એક જ રૂપ છે એવી મોહભરી મેલી સમજણ છોડી દેશે અને શરીર જુદું છે અને આત્મા જુદો છે એમ નિશ્ચય થશે ત્યારે કર્મનાં ફળ માટે સાંભળેલી વાતો અને હવે પછી સાંભળવામાં આવનાર વાતો ‘મને આવી ક્રિયાથી આવું ફળ મળશે તથા અમુક કર્મથી અમુક ફળ મળે છે.’ એવી વાતો ઉપર તને અભાવ થશે અને કર્મનાં ફળ ઉપરનો રાગ નાશ પામશે, તેથી આ બધું હું કરી રહ્યો છું એવું કર્તાપણાનું અભિમાન ઓગળી જશે અને બુદ્ધિ સ્થિર થવાથી તું નિષ્કામ કર્મયોગી બનીશ. શ્લોક

**આ શ્લોક પ્રમાણે હું છું તો આ દુનિયા છે. હું હતો તો રમતમાં વિજય પ્રાપ્ત થયો. આ બધું હું જ કરી રહયો છું. દુનિયાનો સૌથી શ્રેષ્ઠ વ્યક્તિ હું જ છું, આવા અભિમાનમાં રાચવાની જગ્યાએ નિષ્કામ બુદ્ધિથી કરેલ કર્મથી રમતવીર કર્મયોગી બને છે. રમતની ગરિમા પણ જળવાય છે અને સમાજને શ્રેષ્ઠ નાગરિક તથા અનુસરવા લાયક મહામાનવ મળે છે, જે રમતનું સૌથી મહત્વનું અંતિમ ધ્યેય છે જે આપણે જરાય ભૂલવું ન જોઇએ.**

**શ્રુતિવિપ્રતિપન્ના તે યદા સ્થાસ્યતિ નિશ્ચલા ।**
**સમાધાવચલા બુદ્ધિસ્તદા યોગમવાપ્સ્યસિ ॥**

આ લોક અને પરલોકના સુખભોગની પ્રાપ્તિ માટે જુદી જુદી ક્રિયાઓવાળાં કર્મનાં ફળથી અમુક સુખ મળે છે, એમ અનેક પ્રકારની વાતો સાંભળીને જુદું જુદું સુખ મેળવવા માટે જુદી જુદી ઇચ્છાઓ થયા જ કરે છે જેથી બુદ્ધિ એક નિશ્ચયવાળી સ્થિર રહેતી નથી. આવી રીતે ચંચળ રહેતી બુદ્ધિ જયારે બધી ઇચ્છાઓ છોડીને સમાધિમાં એક જ નિશ્ચયથી સ્થિર થશે એટલે કરેલાં કર્મનાં ફળની આશાનો ત્યાગ કરીને કર્તવ્ય કર્મમાં સ્થિર રહેશે ત્યારે તું નિષ્કામ કર્મયોગવાળો થઇશ.



શ્રીકૃષ્ણે આ શ્લોકમાં જે કહ્યું છે તે પ્રમાણે રમતવીર કર્તવ્યકર્મમાં સ્થિર રહી નિષ્કામ કર્મયોગી બને તો રમતના માધ્યમથી રમતની સંસ્કૃતિના વિકાસ માટે સુચારૂ વાતાવરણ સમાજમાં ઉત્પન્ન થશે. સમાજને રમતના દુ:ષણો હાલ દેખાય છે તેની જગ્યાએ સુચારૂ વાતાવરણનું નિર્માણ થશે.  સમાજને રમતના દુષણોથી બચવા રમતવીર રમતોમાં અયોગ્ય રીતે ભાગ લેવાની વૃત્તિથી દૂર રહી તેની જગ્યાએ રમતમાં સકારાત્મક રીતે રમતક્ષેત્રે નિષ્કામ કર્મયોગી તરીકે ભાગ લે અને પોતાની શ્રેષ્ઠતા પ્રસ્થાપિત કરે. ગીતાજ્ઞાનને આ રીતે અનુસરવામાં આવતાં રમતગમતના માધ્યમથી મહામાનવનું ઘડતર થતાં તેના પગલે લોકો રમતગમતના માધ્યમથી શ્રેષ્ઠતાની સ્પર્ધા કરી સમાજ, રાષ્ટ્ર અને વિશ્વની માનવ ધરોહર (સંપદા)ને  વિકાસની ચરમસીમાએ પહોંચાડવામાં મદદરૂપ થશે.

તમામ સંપદાયો પણ વિશ્વમાનવ સંપદા પર થતા અતિક્રમણથી ચિંતિત છે. માનવ વ્યવહારોને નિયંત્રિત કરવા તમામ ધર્મો અને રાષ્ટ્રો નિત નવા કાયદાઓ ઘડવાનો પ્રયત્ન કરે છે. પ્રત્યેક વ્યક્તિ ફક્ત પોતાની શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા પોતાની ક્ષમતા સાથે સ્પર્ધા કરે. જો નિષ્કામ સ્પર્ધા થતી હોય અને પરિણામ કંઇપણ આવે તેનાથી વિચલિત થયા વગર રમતવીર પોતાની શ્રેષ્ઠતા ન છોડે અને તમામને સમાન તક મળે, સમભાવ હોય, ભાઇચારો હોય, ન્યાયપૂર્વકનું વર્તન હોય, અન્યાય સામે પણ ન્યાયપૂર્વક માથું ઉંચકી સામનો કરવામાં પણ વ્યક્તિ પોતાના ધર્મની મર્યાદામાં રહી, નીતિ-નિયમો તોડ્યા વગર પોતાની વાતને સક્ષમતાપૂર્વક મૂકી શકે તેવા વાતાવરણનું નિર્માણ ગીતાસારથી અને રમતગમતના માધ્યમથી કેમ ન મેળવી શકાય? સૌ ભેગા થઇ વિચારીએ.... અને અનુકૂળ જણાય તો આચરણમાં પણ લાવીએ....

